# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં.૮૯ તા. ૯-૧૦-૧૭

ફકત મ્યુનિ. શાળાઓ માટે જ :-

વિષય :- સને ૨૦૧૨ થી ૨૦૧૭ સુધીમાં આંતરિક બદલી, જિલ્લા ફેરબદલી, જિલ્લા વિભાજન બદલી હુકમ હેઠળનાં તમામ શિક્ષકોને તાત્કાલિક અસરથી છૂટા કરવા માટેના પરિપત્રને મનાઇ હુકમ આપવા બાબત.

સંદર્ભ :- (૧) પ્રા.શિ.નિયામકશ્રીના પત્રક્રમાંક : પ્રાશિનિ/ નીતિ/ ૨૦૧૭/ ક/ ૯૮૨૧-૭૫/ તા. ૦૩-૧૦-૨૦૧૭.

(૨) ન.પ્રા.શિ.સમિતિ, અમદાવાદના પરિપત્ર ક્રમાંક નં. ૮૬/ તા. ૦૪-૧૦-૧૭.

(૩) સ્પે.સી.એ. નં. ૧૮૧૬૦/૨૦૧૭ તથા સ્પે.સી.એ. નં. ૧૮૧૬૧/૨૦૧૭ માં નામદાર વડી અદાલતનો ઓરલ ઓર્ડર - તા. ૦૫-૧૦-૨૦૧૭.

(૪) પ્રા.શિ.નિયામકશ્રીના પત્રક્રમાંક : પ્રાશિનિ/ નીતિ/ ૨૦૧૭/ ક/ ૯૮૮૯-૯૯૪૫/ તા. ૦૭-૧૦-૧૭.

આથી તમામ મ્યુનિ. શાળાઓના શિક્ષકશ્રીઓને જણાવવામાં આવે છે કે, ઉપરોક્ત દર્શાવેલ સંદર્ભિત પત્ર નં. ૧, ૨ ના અન્વયે ન.પ્રા.શિ.સમિતિ, અમદાવાદ હસ્તકની મ્યુનિ. શાળાઓના સને ૨૦૧૨ થી ૨૦૧૭ સુધીમાં જે પ્રાથમિક કે ઉચ્ચ પ્રાથમિક શિક્ષકોના આંતરીક બદલી, જિલ્લા ફેરબદલી તથા જિલ્લા વિભાજનના બદલી હુકમ થયેલ હોય, પરંતુ તેઓની હાલની શાળામાં આર.ટી.ઇ. એક્ટ- ૨૦૦૯ મુજબનાં ધારા-ધોરણો અનુસાર મહેકમ ધ્યાને લેતા છૂટા કરવામાં આવેલ નથી. તેવા તમામ શિક્ષકોની થયેલ બદલી હુકમોના અમલવારી અર્થે તાત્કાલિક અસરથી છૂટા કરીને બદલીવાળી શાળામાં હાજર થવા ન.પ્રા.શિ.સમિતિ, અમદાવાદના પરિપત્ર નં. ૮૬/ તા. ૦૪-૧૦-૧૭ થી સૂચના આપવામાં આવેલ.

ઉપરોક્ત દર્શાવેલ સંદર્ભિત પત્ર નં. ૩ અને ૪ ના અનુસંધાને નામદાર વડી અદાલત દ્વારા તા. ૦૫-૧૦-૧૭ ના વચગાળાના ઓરલ ઓર્ડરથી પ્રા.શિ.નિયામકશ્રીના તા. ૦૩-૧૦-૧૭ ના પરિપત્રના અમલ કરવા સામે મનાઇ હુકમ આપવામાં આવેલ છે. તેથી પ્રા.શિ.નિયામકશ્રીની કચેરીથી બીજી સૂચના ન મળે ત્યાં સુધી બદલી હેઠળનાં કોઇ શિક્ષકોને છૂટા કરવાના રહેશે નહિં, જેની નોંધ લેશો. ઉપરાંત ન.પ્રા.શિ.સમિતિ, અમદાવાદના પરિપત્ર નં. ૮૬/ તા.૦૪-૧૦-૧૭ ના અમલ માટે હાલ મનાઇ હુકમ આપવામાં આવે છે.

તા. ૯-૧૦-૧૭

ડૉ. એલ.ડી.દેસાઈ
શાસનાધિકારી